ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ
વિકાસ નિગમને સન ૨૦૧૮-૧૯ના
માટે રૂ.૩૦.૦૦ લાખની મેચીંગ ગ્રાન્ટ
ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વવજ-૧૦૨૦૧૭-૮૪૭-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૦/૦૫/૨૦૧૮

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૧-૦૪-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૨/૦૫/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૮-૧૯/૧૧૭-૧૧૮

**ઠ રા વઃ-**

ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે સમાન ફાળા માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૩૦.૦૦ લાખની( અંકે રુપિયા ત્રીસ લાખ પુરા) મેચીંગ ફાળાની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે આ વિભાગના વંચાણ (૧) સામે દર્શાવેલ તા.૧૧-૦૪-૧૮ ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના વંચાણ (૨) હેઠળના તા.૦૨/૦૫/૨૦૧૮ના પત્રથી રૂ.૩૦.૦૦ લાખની મેચીંગ ફાળાની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે રૂ.૩૦.૦૦ લાખ(અંકે રૂપિયા ત્રીસ લાખ પુરા)ની મેચીંગ ફાળાની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક નિગમને હવાલે મુકવાની રહેશે.

(૨) સને ૨૦૧૮-૧૯ ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) નિગમ દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનની રીકવરી નિયમિત રીતે થાય તેની પર્યાપ્ત કાળજી અચૂક લેવાની રહેશે. રીકવરીની વિગતો પ્રસંગોપાત સરકારને રજૂ કરવાની રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર: ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર:૮૦૦ અન્ય લોન, પેટા સદર:૦૨ ડીએનટી-૧૧ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમને લોન હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૯-૦૫-૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાના:-</u>**

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- રેસિડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ.